**મોરબીના ત્રીજા એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં, મુ.મોરબી**

**ફોજદારી કેસ નંબર : ૧૩૨૫/૨૦૨૬**

**આંક–**

**શ્રી સ ર કા ર :::::  ફરીયાદી**

**વિરુધ્ધ**

(૧). રાહુલ હર્ષદભાઈ ચૌધરી,

(૨). ખુશ નવીનભાઈ ભાલોડીયા,

(૩). જયદિપ રામભાઈ લગારીયા,

(૪). શ્યામ કિશોરભાઈ રૂપાપરા,

(૫). રાજુભાઈ દેવાણંદભાઈ નંદાણીયા, **::::: આરોપીઓ**

**બાબતઃ– બી.એન.એસ.કલમ. ૧૧૧(૨)(બી)૩૧૬(૨), ૩૧૮(૪), ૩૧૯(૨), ૩(૫), ૬૧(૨) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(સી)(ડી) મુજબ.**

**–:: કમીટલ હુકમ ::–**

(૧) આ કામના આરોપીઓ વિરુધ્ધ મોરબી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ગુના ર.જી. ૦૦૦૮/૨૦૨૫ બી.એન.એસ.કલમ. ૧૧૧(૨)(બી), ૩૧૬(૨), ૩૧૮(૪), ૩૧૯(૨), ૩(૫), ૬૧(૨) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(સી)(ડી) મુજબના ગુના અંગેનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) સદરહુ કામના આરોપીઓને અત્રેની અદાલત સમક્ષ જેલમાંથી હાજર રાખેલ છે. સદર આરોપી હાજર થતાં તેઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૨૦૭ હેઠળ પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે મળી ગયાની ખાત્રી કરવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીનું સ્ટેટમેન્ટ નોંધેલ તેમાં તેઓ આ કેસમાં પોતાના ખર્ચે વકીલ રોકી બચાવ કરવા માગે છે કે સરકારી ખર્ચે વકીલ જોઈએ છે તે અંગે પુછતાં આરોપીઓએ પોતાના ખર્ચે વકીલ રોકી બચાવ કરવા માગતાં હોવાનું જણાવેલ છે.

(૩) આરોપીઓ વિરૂઘ્ધ સદરહું ગુન્હો બી.એન.એસ.કલમ. ૧૧૧(૨)(બી), ૩૧૬(૨), ૩૧૮(૪), ૩૧૯(૨), ૩(૫), ૬૧(૨) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(સી)(ડી) મુજબ સજાને પાત્ર ગુના અન્વયેનો છે, સદરહું ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા અત્રેની અદાલતને ન હોય પરંતુ નામ. સેસન્સ અદાલતને હોય, સદરહું કેસની ટ્રાયલ ચલાવવા નામદાર સેશન્સ અદાલત મોરબી તરફ મોકલી આપવું ન્યાયોચીત જણાય છે. આ તમામ હકીકતોને ઘ્યાને લેતા નીચે મુજબ કમીટલ હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧)આરોપીઓ સામેનો હાલનો કેસ કમીટલ કેલેન્ડર તૈયાર કરી તમામ કેસ પેપર્સ તથા મુદામાલ સાથે ક્રી.પ્રો.કો.ક.૨૦૯ અન્વયે નામ. સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત, મોરબી તરફ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૨)હવે પછીની મુદતે આરોપીઓને નામ.સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત,મોરબી હાજર રહેવા ખબર આપવા તથા સરકારી વકીલશ્રી,મોરબીને આ હુકમની જાણ કરવી.

(૩). આરોપીને નામ.સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત, મોરબી મુકામે તારીખઃ– **૨૦ /૦૩/૨૦૨૬** ના રોજ સવારના ૧૦–૩૦ કલાકે હાજર રખાવવાની અંગેની સુચના આપવામાં આવેલ છે.

(૪) મોરબી જેલરશ્રીને કમીટલ વોરંટ ઈસ્યુ કરવું.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : મોરબી

તારીખઃ ૦૬/૦૩/૨૦૨૬

**(જે.જે.ગઢવી)**
ત્રીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, મોરબી.
કોડ નં. જી.જે.૦૧૩૪૪